ગાંધીનગરમાં ભાજપ દ્વારા પ્રચાર રેલી

તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૧૫

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ દયાભાભી અને નટુકાકા એટલે કે દિશા વાકાણી અને ઘનશ્યામ નાયક આજે ગાંધીનગર ખાતે ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલ દ્વારા યોજાયેલ બાઈક અને કાર રેલીમાં ચૂંટણી પ્રચાર માટે જોડાઈને ગાંધીનગરના મહેમાન બન્યા હતા.

વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાનના ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે આજે ભાજપે શહેરી વિસ્તારમાં રેલીનું આયોજન કરી શક્તિ પ્રદર્શન કર્યું હતું. જેમાં વાહનો સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલે સવારે અક્ષરધામ ખાતે સ્થિત હરિમંદિરથી દર્શન કરી રેલીનો પ્રારંભ કર્યો હતો. સવારે જૂનાં સેક્ટર્સમાં ફરીને લોકોને મતદાન કરવા તેમણે અનુરોધ કર્યો હતો. બપોર પછી રેલી નવાં સેક્ટર્સમાં ફરી હતી અને ટીવી કલાકારોએ આકર્ષણ જમાવ્યું હતું. મધ્યસ્થ કાર્યાલય, સેક્ટર-૧૬ ખાતે સાંજે રેલીની સમાપ્તી થઈ હતી.

રેલીમાં ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, મેયર મહેન્દ્રસિંહ રાણા, વિપક્ષ નેતા મનુભાઈ પટેલ, મહાનગર પ્રમુખ ઋચિર ભટ્ટ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો રેલીમાં જોડાયા હતા.

ગાંધીનગર શહેરમાં શનિવારે અન્ય પક્ષોની સાથે ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા પણ પ્રચાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં કોંગ્રેસની પ્રચાર રેલી

તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૧૫

'ઓ ભાઈ ફેંકુ, ભાજપ છે ફેંકુ, કોંગ્રેસ આવે છે, નીકળ ભાઈ ફેંકુ'ના ચૂંટણી ગીત ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે સમગ્ર ગાંધીનગર ગૂંજી ઊઠ્યું હતું.

ચૂંટણી પ્રચાર તેના અંતિમ તબક્કામાં છે ત્યારે કોંગ્રેસ પક્ષે પોતાના તમામ જોશ-જુસ્સા અને તાકાત સાથે સમગ્ર ગાંધીનગરમાં જંગી અને વિશાળ કાર રેલી યોજી પોતાનું શક્તિ પ્રદર્શન કર્યું હોય તેવું જોવા મળ્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી રાજકીય પક્ષો દ્વારા આખરી તબક્કામાં પ્રચાર ઝૂંબેશ તેજ બનાવી દેવામાં આવ્યો હતો. ગાંધીનગર ઉત્તર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ પટેલના સમર્થનમાં આજે વિશાળ કાર રેલી યોજાઈ હતી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ના ગાયત્રી મંદિર ખાતેથી સવારે ૯.૧૦ કલાકે આ જંગી રેલીનો પ્રારંભ થયો હતો. રેલી સેક્ટર૧, ૨, ૩, ૪, ૫ એમ છેક સેક્ટર-૩૦ના તમામ આંતરિક માર્ગો પર ફરી હતી. જ્યાં બૂથે બૂથે રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસની રેલીમાં મતદારોને આકર્ષવા કોંગ્રેસે ફિલ્મ અભિનેત્રી અને બીગ બૉસ રિયાલિટી શોની સ્પર્ધક રહી ચૂકેલી મીંકે ભારે આકર્ષણ જમાવ્યું હતું. જેને નિહાળવા મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી પડ્યા હતા.

આ જંગી રેલીમાં કોંગ્રેસના ઉમેદવાર સુરેશ પટેલ, ચિમન વિંઝુડા, પ્રવિણ પટેલ, અશ્વિન વ્યાસ (કૂકર), મુકેશ પટેલ, જયદીપસિંહ ઠાકોર, અંકિત બારોટ, હર્ષજીત પંડ્યા, ભાવેશ દેસાઈ, યુનુસ પરમાર, યુસુફ પરમાર સહિત ૪૦૦થી વધારે કાર્યકરો અને અગ્રણી નેતાઓ જોડાયા હતા. આ રેલીનું સાંજે ૪.૫૦ કલાકે જીઈબી ખાતે સમાપન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ક્રિકેટ એસોસિએશન અંતર્ગત યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમનો વિજય

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૨-૧૩ અંતર્ગત અંડર-૧૪ની એક મેચ તાજેતરમાં ગાંધીનગર વિરુદ્ધ ખેડા વચ્ચે રમાઈ હતી, જેમાં ગાંધીનગરની ટીમે ખેડા ટીમને હરાવી ૬૫ રનથી વિજય મેળવ્યો હતો.

ગાંધીનગરની ટીમે સૌપ્રથમ ટોસ જીતી ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યું હતું. ખેડાની ટીમ ૧૩૬ રન ૪૮ ઓવરમાં કરી ઓલ આઉટ થઈ ગઈ હતી. ખેડા તરફથી અભિષેકે ૬૧ રન ૧૧ ચોગ્ગા સાથે ફટકાર્યા હતા. ગાંધીનગર તરફથી શંકર ચૌધરીએ ૩૫ રન આપી ૩ વિકેટ અને શ્રેય પટેલે ૨૬ રન આપી બે વિકેટ ઝડપી હતી. ગાંધીનગરે પ્રથમ દાવમાં ૩૩૪ બનાવી દાવ ડિક્લેર કર્યો હતો. ગાંધીનગર તરફથી યશ બારોટે કેપ્ટન ઈનીંગ્સ રમીને ૧૮૪ રન ફટકાર્યા હતા. જેમાં ૩૪ ચોગ્ગા અને એક છગ્ગો મુખ્ય છે. પ્રીત પટેલે ૬૭ રને અને પાવન ઈનામદારે ૩૪ રન કર્યા હતા. ગાંધીનગરે પ્રથમ દાવના આધારે ૧૯૮ રનની સરસાઈ મળી હતી. ખેડાની ટીમે બીજા દાવમાં ૧૩૩ રન કરી ઓલ આઉટ થઈ ગઈ હતી. ગાંધીનગર તરફથી દીપ ભાવસારની ૧૫ રનમાં ૩ વિકેટ, શંકર ચૌધરીએ ૨૫ રન આપી ૩ વિકેટ અને શ્રેય પટેલે ૨૪ રન આપી ૨ વિકેટ મેળવી હતી.

ગાંધીનગરની અંડર-૧૪ ટીમનો એક દાવ અને ૬૫ રનથી વિજય થયો હતો અને ગાંધીનગરને કુલ ૬ પોઈન્ટ મળ્યા હતા. ખેડીની ટીમને ઝીરો પોઈન્ટ મળ્યા હતા. ગાંધીનગર તરફથી કોચ તરીકે રાહુલ પટેલ અને મેનેજર તરીકે રાહુલ પરમારે સેવા આપી હતી. વિજેતા ટીમને સૌએ અભિનંદન પાઠવ્યા છે.

લીમડાના ઝાડ પરથી જમીન પર પટકાયેલા યુવાનનું મૃત્યુ

આલમપુર ગામનો યુવાન ફાલ કાપવા ઝાડ પર ચઢ્યો હતો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીકના આલમપુર ગામની સીમમાં લીમડાના ઝાડ પર ચઢીને ફાલ કાપી રહેલો ૪૦ વર્ષીય યુવાન ઝાડ પરથી એકાએક જમીન પર ઉંધા માથે પટકાતા ગંભીર રીતે ઘવાયો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવેલા ઘાયલ યુવાનનું રાત્રે હોસ્પિટલમાં જ સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આ બનાવની તપાસ શરૂ કરી છે. ગાંધીનગર પાસેના આલમપુર ગામમાં રહેતો ૪૦ વર્ષીય શંભુજી શકરાજી ઠાકોર ગઈકાલે સાંજના સુમારે ગામના હુડકોના મકાનોની આગળ આવેલી જોગણી માતાજીના મંદિર સામેના લીમડાના ઝાડ પર ચઢીને ફાલ કાપી રહ્યો હતો. ઝાડ પરથી અચાનક તેના પગ લપસી જતાં ઉપરથી જમીન પર પટકાયો હતો. માથાના ભાગે તેને ગંભીર ઈજાઓ થતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. જો કે રાત્રે તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને તપાસ આરંભી છે.

સોનીયા ગાંધીની સભામાં સક્રિય થયેલા પીક પોકેટર્સ પૈકી બે ઝડપાયા

એ.ટી.એમ. અને ક્રેડીટ કાર્ડ તથા રોકડ ૬૩ હજાર સાથે અમરાઈવાડીના બન્ને શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લાના કલોલ શહેરમાં ગઈકાલે જાહેર સભા સંબોધવા માટે આવેલા સોનીયા ગાંધીની સભા દરમ્યાન સંખ્યાબંધ લોકોના ખિસ્સા કપાવવાના કિસ્સાઓ બનવા પામ્યા હતા. આ સભામાં સક્રિય થયેલા ખિસ્સા કાતરૂઓ પૈકી બેશખ્સોને કલોલ શહેર પોલીસે એ.ટી.એમ., ક્રેડીટ કાર્ડ તથા રોકડ ૬૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી બન્નેની સઘન પુછપરછ શરૂ કરી છે. સોનીયા ગાંધીએ કલોલ ખાતે સંબોધેલી સભામાં ભારે જનમેદની ઉમટી હતી. આ ભારે ભીડમાં ઘણા લોકોના ખીસ્સાઓ કપાયાની ફરીયાદો ઉઠવા પામી હતી. દરમ્યાન ખિસ્સા કાતરૂઓ પૈકી કલોલ શહેર પોલીસે અમદાવાદના બે ખિસ્સા કાતરૂઓને ઝડપી પાડ્યા હતા. અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના રાજન રામગીર ચૌહાણ અને સતીષ રાજુ કુરેશી બન્ને પીક પોકેટર્સને એ.ટી.એમ.માં, ક્રેડીટ કાર્ડ તથા રોકડ રૂ. ૬૨,૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. કલોલના મટવાકુવા વિસ્તારમાં રહેતા ઝહીર સદ્દકીભાઈ કુરેશીની ફરિયાદને આધારે ગુનો નોંધીને કલોલ શહેર પોલીસે બન્નેની વિરૂદ્ધ ગુનો નોંધી ધરપકડ કરીને કડક પુછપરછ આરંભી છે.

શાળાએ જવા નીકળેલી દશેલા ગામની વિદ્યાર્થિની ગૂમ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક દશેલા ગામમાં રહેતી ૧૬ વર્ષીય ગીતા નાગજીભાઈ ચૌધરી છાલા ગામની શાળામાં ધો. ૧૦માં અભ્યાસ કરે છે. મુળ બનાસકાંઠા વિસ્તારની આ વિદ્યાર્થિની સવારે ઘરેથી શાળાએ જવાનું કહીને નીકળી હતી. તેણીનો હજુ સુધી કોઈ પત્તો નથી. શાળાએ જવા નકળેલી વિદ્યાર્થીની ગુમ થઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ સંબંધે ગુમ થયેલી વિદ્યાર્થીનીનાં ભાઈએ ચિલોડા પોલીસને ભારે શોધખોળ બાદ જાણ કરતાં પોલીસે ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધી પી.એસ.આઈ. એસ.આર. પટેલે શોધખોળ આરંભી છે.

જિલ્લાના ગામે ગામ ચેવડા-ચવાણા વહેંચાયા

ગાંધીનગર, તા. ૧૫

બીજા તબક્કાના મતદાન માટેના પ્રચાર પડઘમ જરૂર શાંત થયા છે પરંતુ ઉમેદવારો છેલ્લી ઘડીના પ્રયાસોમાં લાગી ચુકયા છે. ગાંધીનગર ઉત્તર બેઠક હેઠળ આવતા તમામ ગામોમાં ઘેર ઘેર ચેવડા-ચવાણાના પેકેટ પહોંચાડી મતદારોને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર શહેર અને તેની આસપાસનો વિસ્તાર ગાંધીનગર ઉત્તર બેઠક હેઠળ આવે છે. મતદાનને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના ઉમેદવારોએ જીત માટે એડી ચોટીનું જોર લગાવ્યુ છે. પ્રચાર પડઘમ શાંત થયા હોવા છતાં મતદારોને રીઝવવાના નીતનવા નુસખા અપનાવાઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારના મતદારો પર ઘણો મદાર હોવાથી તેમને લલચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિવિધ સમાજના આગેવાનો સાથે બેઠક યોજી ઉમેદવારો પોતપોતાના પક્ષે મહત્તમ મત પડે તેવા પ્રયાસો કરી રહ્યા છે. ગામે ગામ કાર્યકરો ઘુમી રહ્યા છે. ગામના દરેક ઘરમાં ચેવડો-ચવાણા અને મીઠાઈના બોક્ષ વહેંચવામાં આવી રહ્યા છે. ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતોનો દોર ગામો સુધી લંબાવ્યો છે. ઉમેદવારોના કાર્યાલયો મોડી રાત સુધી ધમધમે છે. કાર્યાલયો પર પણ મીજબાનીના દોર ચાલે છે. કાર્યકરોના ઉત્સાહને ટકાવી રાખવા માટે પણ ઉમેદવારો તનતોડ મહેનત કરી રહ્યા છે અને ભરપૂર ખર્ચ કરી રહ્યા છે.

ગોવર્ધનનાથજીની હવેલીમાં દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી, વલ્લભધામ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ધનુર્માસ પ્રારંભ થતો હોઈ આજે તા. ૧૬મી ડિસેમ્બરથી ૧૪મી જાન્યુઆરી-૨૦૧૩ સુધી સવારમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આજથી મંગળા આરતી સવારે ૭ થી ૭.૩૦ કલાક દમિયાન, સૂંગાર સવારે ૯ થી ૯.૩૦ અને રાજભોગ સવારે ૧૦.૩૦ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે. સાંજનો સમય યથાવત રહેશે.

બ્રહ્મસમાજને બદનામ કરવાના કૃત્ય બદલ ચૂંટણીપંચ પગલાં ભરે તેવી માગ

ગાંધીનગર, તા. ૧૫

બ્રહ્મસમાજની બદનામી થાય તે રીતે અખબારમાં છપાએલી જાહેરાતને સમાજે રદીયો આપી બ્રાહ્મણ પરિવારોને ભ્રામક પ્રચારમાં નહી દોરાવા અપીલ કરી છે. જ્યારે ગઈકાલે સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતે યોજાએલી બેઠકમાં આ મામલે જાહેર ખબર આપનાર વ્યક્તિ સામે ચૂંટણીપંચ સમક્ષ ફરીયાદ કરવા ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો તેમ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે. આ અંગે વધુમાં જણાવ્યા અનુસાર કહેવાતા પરશુરામ ફાઉન્ડેશનના એક વ્યક્તિ દ્વારા વર્ગવિગ્રહ થાય તેવુ કૃત્ય આચરવામાં આવ્યું છે. આ ગંભીર મામલે યોગ્ય તપાસ હાથ ધરી ચૂંટણીપંચ દ્વારા શિક્ષાત્મક પગલા લેવામાં આવે તેવી માગ પણ કરવામાં આવી છે.

મેદરા કેનાલમાં પડેલી બે નીલ ગાયના જીવ બચાવાયા

ફોરેસ્ટના કર્મચારી અને સિક્યોરીટી જવાને બચાવ કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે સવારે મેદરા કેનાલમાં ફસાએલી બે નીલગાયને વન વિભાગની ટીમે સલામત રીતે બહાર કાઢી હતી. આ બચાવ કામગીરીમાં કેનાલ પર ફરજ બજાવતા સિક્યુરીટી જવાનોએ પણ દદ કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રખડતી નીલ ગાયનું પ્રમાણ વધારે જોવા મળે છે. જેના લીધે અકસ્માતોના કિસ્સાઓ પણ વધ્યા છે. આમ નાગરિકો માટે જોખમાએલી માર્ગ સલામતીથી ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે. હાઈવે વિસ્તારમાં રખડતી નીલગાય વધુ જોવા મળે છે. આજે કેનાલ વિસ્તારમાં રખડતી નિલગાય પાણીમાં ખાબકતા જીવ બચાવવા તંત્રની ટીમ કામે લાગી હતી. જિલ્લામાંથી પસાર થતી મેદરા કેનાલ વિસ્તારમાં ફરતી બે નીલ ગાય કેનાલમાં પડી હતી. આ મામલે સ્થાનિક સિક્યોરીટીજવાનને જાણ થતા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મામલે વન વિભાગની ટીમને પણ જાણ કરાતા અબોલ પશુઓના જીવ બચાવવા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેનાલ પર ફરજ બજાવતા સિક્યુરીટી જવાન પ્રવિણ ઠાકોરે પણ બજાવ અભિયાનમાં જહેમત ઉઠાવી હતી.

જાહેર નિવિદા

સંસ્કૃતિ કુંજ, સેક્ટર-૯, ગાંધીનગરના જ-રોડ પર આવેલ સંસ્કૃતિ કુંજનું કેમ્પસ (૧) સાફસુફ કરી, (૨) રેતી કાઢી (૩) ખાડાનું પુરાણ કરી, (૪) તેટુલા પગથીયાનું ચણતર કરી તેનું ગારથી લીપણ કરી, (૫) ત્રણ ઝુંપડીઓ તૈયાર કરવા તથા (૬) ઝાડીઝાંખરા સાફ કરવા (૭) પાણી છાંટવા (૮) મુખ્ય પ્રવેશ દ્વાર તૈયાર કરવા (૯) ઝાડ પાસેના ઓટલાનું ચણતર તથા લીપણ તેમજ અન્ય આનુષાંગિક કામગીરી કરવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ સભ્ય સચિવશ્રી, સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં. ૧૧/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી આ જાહેરાતની તારીખથી રૂ. ૧૦૦/- રોકડમાં ભરી મેળવી શકાશે. અને ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૨૯/૧૨/૨૦૧૨ સુધીમાં સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. તા. ૨૯/૧૨/૨૦૧૨ના રોજ ટેનડર સાંજના ૪-૦૦ વાગ્યા સુધી જ સ્વીકારાશે અને તા. ૩૧/૧૨/૨૦૧૨ના રોજ સાંજે ૪-૦૦ વાગે આ ટેન્ડર ખોલવામાં આવશે. ત્યારે ટેન્ડર ભરનાર પોતાને ખર્ચ હાજર રહી શકશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૩/૧૨/૨૦૧૨

સહી/-
સભ્ય સચિવ
સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન અને
કમિશનર યુવક સેવા અને
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧.૦૦
તલાશ : ૪.૧૫
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૭.૦૦
ખેલાડી ૭૮૬ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સિગારેટકી તરાહ : ૧૨.૪૫
સન ઑફ સરદાર : ૩.૧૫
રેડ ડ્રૉવન (હિન્દી) : ૬.૦૦, ૧૦.૦૦
રેડ ડ્રૉવન (અંગ્રેજી) : ૮.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રેડ ડ્રૉવન (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૦૦, ૫.૦૦
લાઈફ ઑફ પાય (હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લોક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જાનબાઝ ખેલાડી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૧૫, ૩.૧૫
તલાશ : ૬.૪૫, ૯.૪૫

સિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાનાં યોગ પ્રબળ બનતા જણાય. ભાગીદારીમાં લાભ થશે. આજે વ્યાપાર-વ્યવસાયમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. આવક કરતાં ખર્ચમાં વધારો ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતાઓમાંથી બહાર આવી શકશો. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : ધૈર્ય અને સંયમ રાખવો. જમીન- મકાન સંબંધિત સોદામાં લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ વધારો થઈ શકે છે. વ્યાપાર- રોજગારક્ષેત્રમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

કર્ક : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આપ દ્વારા થતા અથાગ પ્રયત્નો કરવા છતાં ઓછો લાભ થઈ શકે છે. નકામો તનાવ, મુશ્કલીઓથી ઘેરાયેલા રહેવાની શકયતાઓ છે. ઈશ્વરમાં આસ્થા વધશે.

સિંહ : કામકાજમાં વિસ્તાર સંભવ છે. આજે ઘણા સમયથી અટકેલું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સાથ-સહકાર મળી રહેશે.

કન્યા : પિતાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને કાર્ય કરશો, તો સફળતા મળવાની સંભાવના છે. ઘેરાયેલી કૌટુંબિક સમસ્યાઓથી આજે સુખમય નિરાકરણ આવશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું ફળ મળશે. શારીરિક સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. આર્થિક લાભની તક આવીને ઉભી રહેશે. તમારા કાર્યોની પ્રસંશા થશે. ઋણથી મુકત થશો.

ધન : આપની મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. માન- સન્માનમાં વધારો થઈ શકશે.

મકર : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર- વિમર્શનો યોગ બની રહ્યો છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો. સામાજિક જીવનમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે.

ચિરવિદાય

- સ્વ. અમૃતલાલ ખુશાલદાસ રાવલ (ઉ.વ. ૮૨)મુ.પો. મોટાચિલોડા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ડઈબેન ગાંડાજી ઠાકોર (ઉ.વ. ૮૦)મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રણગારબા કેશાજી વાઘેલા (ઉ.વ. ૯૦)મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રસિકલાલ રામેશ્વર આચાર્ય (ઉ.વ. ૮૨)બ્લોક નં. ૧૪૯/૧, આનંદવાટિકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર.